# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

**કૂંપળો કંઈ એમ તો ફૂટે નહીં**
**પાનખરનો એમાં ફાળો હોય છે**
**લક્ષ્મી ડોબરિયા.**

## પાથેય

- રમેશ ઠક્કર

# વિરોધાભાસો વચ્ચે...

**જીવનમાં જે કંઈ પરિતાપ આવે છે એ સંતાપ લાગે પરંતુ છેવટે એ જ સાચો આલાપ બની જાય છે.જિંદગી જો ગીત છે તો એને સજાવવા માટે આવા આલાપ બની જાય છે.જિંદગી જો ગીત છે તો એને સજાવવા માટે આવા આલાપ અનિવાર્ય છે.કુદરતનો ક્રમ છે કે અહીં કોઇપણ ચીજ સીધેસીધી નથી મળી જતી..દર્દની ડૂંટીમાંથી જ સુખની કસ્તૂરી પ્રાપ્ત થાય છે..પાનખરનો સતત માર ખાધા પછી ઝાડ લગભગ કંગાળ બની જાય છે..સૂકા ભઠ્ઠ એ અસ્તિત્વ વચ્ચે જ પછી કોમળ કળી કે પાંદડીઓ પ્રગટતી હોય છે..આ વિસ્મય એ જ જીવનનું સાચું રહસ્ય બની રહે છે..સર્જક એને થોડાક શબ્દોમાં જ વ્યક્ત કરી શકે છે..**

**વિશ્વ વિરોધાભાસો થી ભરેલું છે.નિરાંતે નીરખીએ તો દરેક ઘટનાક્રમ એકમેકથી સંકળાયેલ લાગે.આપણે જરાક પ્રતિકૂળ સંજોગો જોઇએ એટલે કાગારોળ મચાવી દેતા હોઈએ છીએ..ઘણીવાર માણસ જેને મુસીબત સમજે એ જ સાચી પાઠશાળા બની જાય છે.સુવર્ણ ધખધખતી ભઠ્ઠીમાં બરાબર તપે એ પછી જ એનું ખરૂં તેજ નિખરતું હોય છે.વિપદના કંટકોને પોતાના ધૈર્ય થકી સહ્ય બનાવનારા લોકો અડીખમ બનીને જગતને પોતાનો પરિચય કરાવતા હોય છે..સર્વાઇવલ ઓફ ધી ફિટેસ્ટ એવું કહેવાય છે..એમાં જે માર ખાય એ જ માલ ખાય એવી દેશી સમજણ પણ રહેલી છે !**

**કેવા હોય છે વિરોધાભાસો ?રણમાં મીઠી વીરડી મળી જાય તો..લીલાછમ વનમાં ટહૂકાની તરસ અનુભવાય...સ્વજન તરફથી સંતાપ મળે તો..અજાણ્યા થકી અવતાર તરી જવાય...ફૂલડાં કદીક ડૂબી જતાં જોવા મળે તો પથ્થરો મોજથી તરતા જોવા મળે...'મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે?' આવો કવિપ્રશ્ન પણ એટલે જ કદાચ થયો હશે.આપણે જો જોતા રહીએ તો આવું અકળ લાગે એવું અન્યત્ર પણ જોવા મળે છે..લીમડામાં એક ડાળ મીઠી કે,વેરાન મરુભૂમિમાં મીઠી વીરડીનું અસ્તિત્વ એ સહજ જોવા મળતાં આશ્ચર્ય છે...કોઇ પુરાણા ખંડેરોમાં નિરક્ષર કારીગરોની બેનમૂન કલાકારીગરી જોઇએ ત્યારે આજના વિજ્ઞાનને એણે કઇ રીતે આત્મસાત કર્યું હશે એવો અહોભાવ થાય...લાખ પ્રયાસો છતાં ધનવાનો નાં સંતાનો ભણી ના શકે..અને કોઇ એકલખૂણે જાહેર લાઇટ ના ઊજાસે રંકની તેજસ્વીતા ખીલી ઉઠે..! આ બધી ઘટનાઓ કૂંપળ ફૂટવા જેવી સહજ છતાં ઉપાડી પછીની સમાધી જેવી હોય છે.**

**જાહેર રસ્તા ઉપર રંગબેરંગી સજાવટ સાથે ફૂગ્ગા વેચતા ફેરિયાનો જીવનરસ શામાંથી ટપકતો હશે ? અને અનેકવિધ વૈભવમાં રાચતો માણસ બોર કેમ થઇ જતો હશે..?પણ જિંદગી એ કોઈ ગણિત કે ભૂમિતિ નથી...જેનો કોઇ ચોક્કસ નિયમ હોય...એ તો આપમેળે જ લીલીછમ હોય..કે સહજપણે જ સૂકી હોય ! વિરોધાભાસો સારા અને નરસા હોય છે..પરંતુ એ કુદરતના કરિશ્મા જેવા હોય છે..શ્રીફળમાં જળ કે...જલમેં મીનની પ્યાસ એ વળી અજાયબ વિસ્મય છે...વિરોધાભાસોના વૈવિધ્ય વચ્ચે વિલસવું એ પણ વિરોધાભાસ થી કમ નથી !! સાચા સુખની ક્ષણો પ્રગટતાં પહેલાં એની ઉપર થયેલા પાનખરના અત્યાચારો એટલા જ કારણભૂત બની રહ્યા હોય છે !**

# એન.એસ.ડી.નો ભારત રંગ મહોત્સવ



મન-રંજન
દ્વનિલ પારેખ

ભારતીય નાટ્ય વિશ્વવિદ્યાલય - નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (એન.એસ.ડી.) ભારતની નાટ્ય ક્ષેત્રે અત્યંત જાણીતી સંસ્થા છે. આજના જાણીતા અભિનેતા-અભિનેત્રીઓ આ સંસ્થામાંથી તાલીમ મળવીને આજે ટીવી. સિરિયલ્સ કે ફિલ્મોમાં મોટું નામ મેળવી ચૂક્યા છે. નસીરુદ્દીન શાહ, ઓમપુરી, પંકજ કપૂર, અનુપમ ખેરથી માંડીને મનોજ વાજપેયી સુધીના અભિનેતાઓ એન.એસ.ડી.માંથી પદ્ધતિસર તાલીમ મેળવેલા અભિનેતાઓ છે. એ જ રીતે સુરેખા સિક્રી, ઉત્તરા બાવકર જેવી અભિનેત્રીઓ પણ એન.એસ.ડી.માંથી તાલીમ મેળવીને આવેલી અભિનેત્રીઓ છે. હાલ આ સંસ્થાના ચેરમેન ગુજરાતી અભિનેતા પરેશ રાવલ છે.

એન.એસ.ડી. નાટ્યનું શિક્ષણ આપવાની સાથેસાથે સમગ્ર વર્ષ દરમિયાન અનેક પ્રકારની કાર્યશાળાઓનું પણ આયોજન કરે છે અને રાષ્ટ્રીય સંસ્તા હોવાને કારણે ભારતભરમાંથી નાટક સાથે સંકળાયેલી વ્યક્તિઓ એ કાર્યશાળાઓમાં ભાગ લેવા ઉત્સુક હો છે. બાળકો માટે પણ થિયેટરની પ્રવૃત્તિ સતત ચાલતી રહે છે અને એમાં 'જશ્ને બચપન' ના બાળનાટ્ય મહોત્સવનું અનેરું આકર્ષણ હોય છે.

રાષ્ટ્રીય નાટય વિદ્યાલયની એક ખૂબી એ છે કે એ દેશભરના નાટ્યકર્મીઓના સંપર્કમાં રહે છે અને એમની પાસે જે ઉત્તમ હોય એવો સમાવેસ કરે છે. 'રંગપ્રસંગ' રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયનું રંગમંચ સંદર્ભે સમૃદ્ધ સામહિક છે. રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયનું સૌથી મોટું આકર્ષણ 'ભારત રંગ મહોત્સવ' 'ભારંગમ્' છે.

દર વર્ષે યોજાયા આ મહોત્સવમાં ભારતની મોટા ભાગની ભાષા - બોલીઓનાં નાટ્કો રજૂ થતાં હોય છે. અને એ કલાકારોને પ્રોત્સાહન મળતું હોય છે. આ મહોત્સવ સાથે ગુજરાતમાંથી કપિલદેવ શુક્લ, પીએચ. ચારી, પરેશ રાવલ વગેરેના નાટકો રજૂ થયા હતા. ગુજરાતનું પ્રતિનિધિત્વ ઓછું હોય છે. એ સ્વીકારવું રહ્યું.

આ વર્ષે ૨૨મો ભારતીય રંગ મહોત્સવ ૨૧ થી ૨૬ માર્ચ દરમિયાન યોજાયો હતો. છેલ્લા થોડા વખતથી આ મહોત્સવ દિલ્હી સિવાય અન્ય સ્થળોએ યોજાવાનો સરાહનીય ઉપક્રમ શરુ થયો છે. ગુજરાતના કેવડિયા ખેત આ વખતે મહોત્સવ રજૂ થયો હતો. અને છ જુદા જુદા નાટકોની પ્રસ્તુતિ થઈ હતી. આ નાટકોમાં 'વન્સ મોર દેશી ગુજરાતી ઓપેરા' (પીએસ ચારી, ગુજરાતી), 'આપકી હમારી' (શેખર દત્તાત્રેય નાયક,હિન્દી), 'તેરવ' (શામ પેઠકર, મરાઠી), 'મેયર મોટો' (મોહિત ચટ્ટોપાધ્યાય, બંગાળી), 'પાંસવાડા કંપની' (નીરેશકુમાર , હિન્દી), 'ચાણક્ય' (મનોજ જોશી, હિન્દી,) રજૂ થયા હતા. બે ગુજરાતી નાટકો ઉપરાંત અન્ય ભાષાનાં નાટકો જોવાનો લ્હાવો ગુજરાતીઓને મળ્યો હતો. પણ કેવડિયા જેવા સ્થળે આ લ્હવો કેટલા ગુજરાતીઓ લીધે હશે એ એક પ્રશ્ન છે. આ આંતરરાષ્ટ્રીય મહોત્સવનું આયોજન દિલ્હી સિવાય જુદા જુદા સ્થળે થાય એ પ્રશંસનીય છે પણ એવા સ્થળે થાય કે વધુ લોકો સુધી એ પહોંચે અને એને માણી શકે.

# ફેંગશુઈના અન્ય સ્ત્રોત



વાસ્તુ અને ફેંગશુઈ
હિતેશ પટેલ

૧-ગુડ લક બેલ-( ઘંટડી)- લાલ દોરાથી બનેલી સિક્કા સાથેની ઘંટડીઓનું આ એક મિશ્રણ છે.બે ઘંટડી ના જોડકામાંથી બનેલું હોય છે જે શુભ હોય છે.બે કરતા વધારે પણ ઘંટડી હોઈ શકે છે.તેના ઉપર શુભ અને પવિત્ર ચિન્હો હોય છે અને ઘંટડીની નીચે લાલ કલરના ફુમતા ઝૂલતા હોય છે. તેને કારમાં ઓફિસમાં ઘરમાં ગમે તે જગ્યાએ લગાવી શકાય છે. યાંગ પોઝિટિવ ઉર્જા નો તે પ્રસાર કરે છે.પવિત્ર મનાય છે.ફેંગશુઈ માં ઘંટડી જ્યાં પણ લગાડવામાં આવે છે ત્યાં તે શુભ ''ચી'' ઉર્જા ને આકર્ષે છે. તે સ્થિર ઉર્જા ને તોડી નાખે છે અને ઉર્જા ના પ્રવાહ ને વધારી દે છે.જૂની સ્થિર ઉર્જા ને પણ તે સારા સ્પંદનો સાથે બદલી દે છે.તેમેના સ્પંદન અને અવાજ ઘોંગાટીયા વાતાવરણ ને શાંત અને સ્થિર કરે છે.હકારાત્મક ઉર્જા ના પ્રવાહ ને તેજ કરે છે.જોકે ધાર્મિક બાબતો માં ઘંટ અને બેલ કે ઘંટડી એ નકારાત્મક ઉર્જા દૂર કરવા અને ઉર્જા ને ગતિ આપવા થાય છે.

૨-ગણપતિ ની તસ્વીર- ઘરના વાસ્તુદોષ દૂર કરવા માટે ગણપતિ નો સુંદર ફોટો કે મૂર્તિ દરવાજાની બહાર અને દરવાજાની અંદરની બાજુએ એક સરખી સાઈઝમાં અને એક જ સરખા લગાવવા.ગણપતિ ની તસ્વીર ઘરના વાસ્તુદોષ દૂર કરવા માટે ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. તેમજ ઘરમાં મંગલ કાર્યો થાય .ભાગ્યોદય થાય છે. આ તસવીર ખૂબ જ પવિત્ર છે.ભગવાન ગણેશ ના પિતા શિવ ઉત્તર દિશા માં રહે છે એટલે ભગવાન ગણેશ ની મૂર્તિ દક્ષીણ દિશા માં મૂકી ને મુખ ઉત્તર દિશા તરફ રાખવામાં આવે છે.અન્ય અનુકુળ દિશાઓ પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ છે.વાસ્તુ ગણેશ ની મૂર્તિ નો પાછળ નો ભાગ દરવાજા તરફ અને મુખ ઘર તરફ રાખવું જોઈએ.આ સાથે ઘર માં એક કરતા વધારે ગણેશ ની મૂર્તિ ના હોવી જોઈએ.કારણ કે વધારે મૂર્તિ કે ચિત્ર રિદ્ધિ અને સિધ્ધિ ને અસ્વસ્થ કરી દે છે જે તેઓની શક્તિ ને ઘટાડી દે છે અને વાસ્તુદોષ બનાવે છે.ઉંદર અને મોદક ગણેશજી ને પ્રિય છે. એટલે આ સાથે ની મૂર્તિ બેસ્ટ છે.મૂર્તિ માં કલર નું અલગ મહત્વ છે પણ સિંદુર કલર અને સફેદ કલર ઉત્તમ છે.એવી જ રીતે ગણેશજી ની મુદ્રા-સ્થિતિ નું પણ અલગ અલગ મહત્વ રહેલું છે.સીડી નીચે,બાથરૂમ,સ્ટોર રૂમ.શયનખંડ માં મૂર્તિ મુકવી અશુભ છે.



૩-ત્રિશક્તિ ચિન્હ - સ્વસ્તિક -ઓમ –ત્રિશુલ ત્રીશક્તિ ચિન્હ મુખ્ય દ્વારની દરવાજાની બંને બાજુ લગાવવામાં આવે છે. જેથી નકારાત્મક ઊર્જા પ્રવેશે નહીં.ઓમ સ્વસ્તિક અને ત્રિશુલ ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. ઓમ શાંતિ નુ,ત્રિશુલ શક્તિનું અને સ્વસ્તિક શુભતા નું પ્રતીક છે જે બુરી શક્તિઓથી બચાવે છે. ઘર અને ઓફિસમાં આ ચિન્હ લગાવી શકાય.શિવ નું ત્રિશુલ ત્રણ ગુણ સત્વ ,રજસ,અને તમસ. નું પ્રતિનિધિત્વ કરે છે.ભગવાન શિવ આ ત્રણ ગુણો વડે સમગ્ર સૃષ્ટી નું સંચાલન કરે છે જે માયા,મન અને દ્રવ્ય ની રચના કરે છે.ઓમ સત્ય,ચેતના અને આનંદ છે.સ્વસ્તિક શબ્દ સંસ્કૃત શબ્દ છે.જે સુ(સારું) અને અસ્તિ(હોવું) પરથી બન્યા છે.જે શુભ છે.ધાર્મિક પ્રતીકો નકારાત્મકતા ને દૂર કરે છે જે ખુબ જ શુભ ગણાય છે.

૪-સૂર્ય નું ચિત્ર- સૂર્ય ઉર્જા નો સ્ત્રોત છે ,પ્રકાશ પુંજ છે. અંધારાને દૂર કરીને પ્રકાશ ફેલાવનાર છે.પ્રત્યક્ષ દેવ છે.સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. સૂર્યનું કોપર પ્રતીક ધરાવતું ચિન્હ ઘર અને ઓફિસમાં લગાવવું ખૂબ જ શુભ ગણાય છે. ઘરના જે રૂમમાં અંધારું રહેતું હોય અથવા તો પ્રકાશની કમી હોય તે રૂમમાં દક્ષિણ પૂર્વ દિશામાં સૂર્યનું પ્રતિક ચિન્હ લગાવવું જોઈએ. સૂર્યના પ્રતીક ચિન્હ લગાવવાથી માન સન્માનમાં વૃદ્ધિ થાય છે.કીર્તી અને ખ્યાતી ફેલાય છે.જો પૂર્વ દિશા તરફ કોઈ દરવાજો કે બારી નથી તો ત્યાં કોપર સૂર્ય લગાવી શકાય છે.આ દિશા માં લગાવવાથી ઘરમાં સંબંધો માં સુધાર આવે છે અને સમૃધ્ધિ આવે છે.વાસ્તુ ટીપ્સ મુજબ અવરોધિત ઉર્જા થી છુટકારો મેળવવા માટે અને નકારાત્મક ઉર્જા દૂર કરવા માટે ઉપયોગી બનેછે.નોકરી અને બીઝનેસ માં સુધારો જોવા મળે છે.સૂર્ય ના આશીર્વાદ તો મળે જ છે સાથે સાથે શારીરિક અને ભાવનાત્મક બળ મળે છે.કેમ કે સૂર્ય એ ઉર્જા અને શક્તિ નો અખૂટ સ્ત્રોત છે.તેને પૂર્વ દિશા માં લગાવવા જોઈએ.

-hits8483@gmail.com

# જર્જરિત લાગે વૃક્ષ, પીડા,વ્યથા ને વેદના ભરેલું ને મૂળ ભીતરે અકબંધ હોય એમ પણ બને



એમ પણ બને !
પારૂલ અમિત

કેમ છો મિત્રો.......

ઓહ!

આ સવાલનો જવાબ આપશો તમે કે બસ શાંતિ અથવા મજામાં એમ જ કહેશો, સાચું ને.

બસ તો આમ જ રહીએ એવી પ્રાર્થના.

પરંતુ શું ખરેખર આપણે જીવનની મજા માણી શકીએ છીએ.

મારાં વ્હાલા મિત્રોને થયું હશે કે કેમ અચાનક આજે?

હા પણ અત્યારે સચોટ જવાબ નહિ હોય, કારણ માર્ચ મહિનો આવી ગયો છે.

આ માર્ચ મહિનો હંમેશા મથામણ વાળો હોય છે.મેડ કરીને મનોમંથન કરાવતો મેડનેશ માર્ચ.

માર્ચ એટલે મથામણનો મહિનો, પરીક્ષા, કારકિર્દી, અને કાળઝાળ ગરમીનો મહિનો. માર્ચ મહિનો એટલે વાર્ષિક હિસાબનો અંતિમ દિવસ.

નાનપણથી આ માર્ચ મહિનો મારકણો બની આપણને મેડ કરતો આવ્યો છે. નાના હતાં ત્યારે પરીક્ષા, મોટા થયા એટલે વાર્ષિક હિસાબોની મથામણ અને ગરમીની શરૂઆત.પરંતુ આ બધું માનવ સર્જીત છે, કુદરતે તો આપણને ઘણો મહિમા આપ્યો છે, મહાકાલને જાણવાનો ઉત્સવ આપ્યો છે, રંગ બે રંગી ધુળેટી આપી છે તો હોલિકા દહનનો મર્મ આપ્યો છે. ઠંડકમાંથી ગરમી તરફનું પ્રયાણ આપ્યું છે, કદાચ જીવનને સમજવા માત્ર. જાણો છો,આટલી બધી વિવિધતા દોસ્તના સંબધમાં હોય છે, તો કુદરત પણ આપણી દોસ્ત થઈ ને., ચાલો કુદરતને આજે ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી દઈએ બાહો ફેલાવીને. એ તો રોજ આવે છે , સવારે ખુશનુમા વાતાવરણ લઈને આપણા આંગણે પણ આપણી વ્યસ્તતા જોઈ સાંજે પાછી ફરે છે.

તો આવા વ્યસ્ત સમયમાં જરૂર હોય છે એક મિત્રની માત્ર.

આપણે ત્રણ પાક્કા મિત્રોને કાયમ જોડે રાખીએ ખુદ ને ખુદથી, કુદરત ને.. અને તમારા, મારાં જેવા ગાંડા દોસ્ત...

એટલે જ શરૂઆત મેં મિત્ર બોલીને કરી.

મિત્રો સંબોધન કરીને ખુશી થઈ, એક લેખક વાચકોનો મિત્ર જ હોય, કારણ મિત્ર જ આપણને સલાહ આપે અને બોર પણ કરે.. હા.. હા.. હા...

જાણો છો સોશિયલમીડિયામાં ફેસબુકમાં ફ્રેન્ડ રિકવેસ્ટનું જ ઓપ્શન હોય છે, બીજા કોઈ સંબધનું નહીં.

શા માટે? વિચાર્યુ છે કયારેય?

કારણ એવું હોઈ શકે કે આપણે નવરા હોઈએ, કે અસહ્ય ચિંતામાં હોઈએ ત્યારે મિત્ર જ યાદ આવે. અને મિત્ર જ બધી ઉલજન માંથી બહાર કાઢે. મિત્ર એટલે રણ જેવી જિંદગીમાં આંસુનું ટીપું આપી પણ ભીનાશ આપે મિત્ર સિવાય કોઈ પૂછે કેમ છો તો બસ મજા એવું નીકળે અને મિત્ર પૂછે તો.. જાને લ્યા તને તો ખબર છે ને. સાલુ પેટ્રોલ પતી ગયુ ત્યાંથી લઈ બોસ ના ઠપકા અને બાજુવાળી છોકરી... કોઈએ બ્લોક કર્યા હોય કે એક્સ વાય ઝેડ બધું જ બોલી દઈએ.

દરેક સમસ્યાની હળવાશ મિત્ર જ હોય છે, તો આપણે આપણા ખુદના દોસ્ત બનવું પડે ખરું ને.

બીજાને કેમ છો નો જવાબ શાંતિ અને મજામાં કહેવા વાળા આપણે દરેક ગંભીર કે નાની મોટી સમસ્યા માટે પણ કાસ આટલું આસાન લઈ શકતા હોત. કેમ છો નો જવાબ મજામાં, કે શાંતિ જ આપવા ટેવાયેલા આપણે સત્યને સ્વીકારી નથી શકતા. તમે કે હું સંપૂર્ણ સ્વસ્થ નથી કે સંપૂર્ણ અસ્વસ્થ પણ નથી. પણ !એટલું જાણીએ છીએ કે ભાગદોડ ભરી જિંદગીમાંથી પોતાના માટે અમુક કલાક કે સેકન્ડ મળ્યા જ હશે તો એને શોધીએ અને ભરપૂર માણીએ. એના માટે ક્યાંય ટુર ગોઠવવાની કે મુવીની ટિકિટ બુક કરાવવાની જરૂર નથી.

"સૂકા થયેલા પાંદડા પર ઝાકળનું ટીપું મૂકી જોઉં
હું મારી જ હથેળી વડે મને થોડું સ્પર્શી જોઉં"

ખુદ સાથે વાત કરવી , એકલામાં મન ગમતું સંગીત વાગોળવું, રસોઈ કરતા કરતા, ડ્રાઈવિંગ કરતા કરતા કે બાથરૂમમાં શાવર લેતા લેતા આપણે અમુકવાર આવું કરતા હોઈએ છીએ.

એકલા એકલા આમ ખુશ રહેવાની આ રીત એકદમ અલગ જ અહેસાસ કરાવે છે, જાણે બધા સંબંધ, કોમ્પિટિશન, ટાર્ગેટ અને માથાકૂટથી દૂર.

મેકઅપ,સાડી, દૂપટ્ટાને સેપ્ટીપીન, આઈ લાઈનર, લિપસ્ટિક, જેન્ટ્સને ઈન, બેલ્ટ વગર એકદમ રિલેક્સ મૂડમાં સાવ સિમ્પલ થઈ લઘર વધર થઈ જેટલો આનંદ મળે એ અપટુડેટ થઈ ફરવામાં પણ મળતો નથી. ઈસ્ત્રી કરેલા દુપટ્ટાને કરચલી કરી ખૂણામાં ફેંકી આપણે રિલેક્સ અનુવતા હોઈએ ત્યારે વિચારવું કે આપણને શાંતિની જરૂર છે.

જયારે શારીરિક તકલીફ હોય કે માનસિક, શરીર અને મનથી આપણે સ્વાસ્થ ના હોય ત્યારે સ્ટ્રેટનિગ કરાયેલા વાળ પણ ગુંચડુ કરીને બાંધી દઈએ તો જ સારુ લાગે છે.

આનો મતલબ કે શાંતિ મેળવવા માટે આ બધાની પાછળ દોટ મુકવી એ નકામું છે.આપણને આપણી જ ફ્રેન્ડ રિકવેસ્ટની જરૂર છે.

જીવન જીવવા માટે આનંદ જરૂરી છે, આપણે પ્રેશર ને આપણા જીવનમાં સ્થાન આપી જીવનની મજા ગુમાવી દીધી છે.

એક વસ્તુ સમજવી રહી કે જીવનમાં કોઈ વસ્તુ વગર નહિ ચાલે એ સાચું નથી જ અને ઈમરજન્સી, અર્જન્સી જેવું કંઈ જ નથી. જેના વગર નહીં ચાલે એ છે રિલેક્સશેસન. હા માનસિક શાંતિ.

જે ઘટનાઓ ઘટે છે, તેમાંની અમુક જ કુદરતી હોય છે બીજી બધી આપણે જાતે ઉભી કરેલી કૃત્રિમ પીડા હોય છે માત્ર.

અસહ્ય પીડા કુદરત ક્યારેય આપતી નથી, આપણા દ્વારા જ આપણે ચિંતા, વ્યથા, અકળામણ, ગુસ્સોનો ડોઝ રોજે રોજ લઈ એને ગંભીર સ્વરૂપ આપીએ છીએ. સહનશક્તિની વ્યાખ્યા પણ માણસે માણસે જુદી હોય છે, પરંતુ સ્વીકારવું રહ્યું કે દરેક પરિસ્થિતિ ક્ષણિક છે માત્ર, અને એ ઝડપથી વીતી જ જાય છે. જે કંઈ થાય છેએ સારાં માટે થાય છે, મન તો મક્કમ અને મજબૂત જ હોવું જોઈએ. અત્યારે ઓનલાઈનના જમાનામાં બધું ટચ થેરાપીથી મળી જાય છે આસાન રીતે. આપણા ફ્રેન્ડનું લિસ્ટ લાબુંલચાક હોય છે, આપણે સ્વસ્થના હોઈએ એવું સ્ટેટ્સ જો મૂકીએ તો વિશ્વનો સૌથી નજીકનો અને સૌથી પ્યારો અને સંબંધ દોસ્તીનો ઉંચો નીચો જરૂર થઈ જાય છે . વિશ્વનો સૌથી મોટો સાઈક્રિયાટિસ્ટ દોસ્ત હોય છે. આપણે અનુભવીએ છીએ કે સોશિયલ મીડિયા માં આપણા અંગત એવા દોસ્ત ગમે ત્યારે અવેઈલેબલ હોય છે. એટલે આપણો આનંદ વધી જાયપઆપણે અનુભવીએ છીએ કે આપણે એકલા નથી. આપણા જેવા બીજા બકવાસ પણ છે દુનિયામાં.

તો પછી મજામાં છીએ એ જવાબ જ સાચો ઠરે.

મિત્રો દોસ્તીની ખરી પરિભાષા શું ? બ્લડ ગ્રુપ એક ના હોય છતાં બ્લડ ડોનેટ કરવાનું મન થાય એ દોસ્ત. આટલી વાતમાં રડાતું હશે એમ કહી બહાર જઈ આંસુ પાડી એ દોસ્ત. ''દોસ્તી એટલે એક એવુ સરનામું જ્યાં લિફ્ટ ના હોય છતાં બધા માળ ચડી જવાય. વ્યથા અને આનંદ, વહેંચવાનું સરનામું, જ્યાં વગર ટકોરે પહોંચી શકાય. સાવ ફાલતુ એવી સલાહની આપલે કરી શકાય એ દોસ્ત. આપણે સૌ જાણીએ છીએ કે બધા ને એક મિત્ર તો એવો હોયજ છે જેની પાસે દિલ ખોલીને બધી વાત કરી શકે. તો એક એવો દોસ્ત પણ શોધીએ જે હમેશા હાજર હોય આપણામાં.

મળવું હોય તો અરીસા સામે ઉભા રહો આ દોસ્ત વર્ષોથી તમારા માટે ખડે પગે ઉભો હશે.

- Parulamit198@gmail.com
7201001482

# "મારી કૃતિ ન સ્વીકારાય એ મારું અપમાન ગણાય"



જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

એક ઉગતા લેખક સાથે થયેલી વાત અચરજ પમાડે તેવી હતી. મેં તેમને પૂછ્યું કે તમે ફેસબૂક પર બધુ લખ્યા કરો છો અને તમને તમારા લેખનોને સમજી શકે તે ક્ષમતાના વાહવાહીકારો પણ મળી જાય છે. પરંતુ તમે કદી એ વિચાર્યુ કે ફેસબૂક પર લખાતું તમામ લેખન સાહિત્ય બની જતું નથી, કારણ કે સાહિત્યના અનેક પ્રકારોમાંનો જે લોકપ્રિય પ્રકાર છે એ શિષ્ઠ સાહિત્યમાં કદી ગણનાપાત્ર બન્યો નથી. અને લોકપ્રિય લખાણો જ જો સાચા સાહિત્યકારો હોત તો આજના અનેક મારા જેવા કોલમીયા લેખકો સાહિત્યના પર્વતની ટોચે બેઠા હોત. તેમણે મને પ્રતિપ્રશ્ન કર્યો કે તો સાહેબ સાહિત્યકાર બનવા શું કરવું? મેં એમને રસ્તો બતાવ્યો કે શબ્દસૃષ્ટિ, પરબ, કુમાર, નવચેતન, સમીપે, એતદ જેવા કેટલાંક ગુજરાતી સાહિત્યના સર્વોચ્ચ સામયિકોને તમારી કૃતિઓ મોકલતા જાવ. એમણે શંકાથી કહ્યું કે 'પણ ન સ્વીકારાય તો ?" મેં કહ્યું બીજા સામયિકોને મોકલવાની, કારણ કે આ સામયિકોમાં જો તમારી કૃતિ સ્વીકારાય તો માનવું કે તમારી સાહિત્ય-સાધના સફળ, અને ન સ્વીકારાય તો માનવું કે તમારી કૃતિઓ હજુ પરિપક્વ બની નથી. એમણે જવાબ આપ્યો એ આઘાતજનક હતો. એમણે કહ્યું કે 'સાહેબ મારી કૃતિ ન સ્વીકારાય એ તો મારું અપમાન ગણાય અને મને એ ન પોસાય!"

આવા અનેક અનુભવો પરથી મને સમજાયું કે ફેસબૂક અને બીજા અનેક ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ્સ પર મળતી વાહવાહીથી અંજાઈ જઈને આજના યુવા સર્જકો વાસ્તવથી દૂર થઈ આત્મરતિમાં રાચ્યા કરે છે. કોઈને ભાષા, સાહિત્ય અને સર્જન એક સાધનાથી સહેજ પણ ઉતરતા છે અને તેને સાધવા માટે કઠોર તપશ્ચર્યા કરવી પડે છે એ વાત સમજાતી નથી. સર્જન તરફ ડગલું માંડતી ક્ષણે એકવાર પણ કોઈ લેખક જો પોતાની વાચનયાત્રા પર પાછુ ફરીને જૂએ તો સમજાય કે સર્જન કરવાની આપણી જ ક્ષમતા બંધાઈ છે કે નહિં. એક પબ્લિશ્ડ નોવેલિસ્ટને "કરણઘેલો" શું છે એ ખબર નથી. એક આવા જ વાર્તાકારને ટૂંકી વાર્તાનો ઉદય ક્યારે થયો અને ક્યા દેશમાં થયો એની નથી ખબર ! અરે એને તો 'ગાય દ મોપાસાં' કોણ છે એની પણ ખબર નહોતી. આવી આઘાતજનક દ્રશ્યાવલીમાં એક વરિષ્ટ સર્જક સાથે થયેલી વાત યાદ આવી ગઈ.

શિષ્ઠ સાહિત્ય કઈ બલાનું નામ છે તે સમજવા માટે આ ઉદાહરણ ખુબ જ મહત્વનું બની રહે છે. આપણા સૌના પ્રિય સોનેટકાર શ્રી નટવરલાલ પંડ્યા ઉર્ફ ઉશનસે એક વાર પોતાનું એક સોનેટ જે તે સમયે ગુજરાતી સાહિત્યના જાણિતા સામયિક 'સમીપે'માં પ્રગટ કરવા મોકલ્યું. સમીપેના વર્તમાન ત્રણેય સંપાદકો બકુલભાઈ ટેઈલર, શીરિષ પંચાલ અને જયદેવ શુક્લ હતાં. એમાના જયદેવભાઈ પોતે ઉશનસના વિદ્યાર્થી રહી ચુકેલાં. જયદેવભાઈએ ઉશનસનું એ સોનેત વાંચ્યું, વારંવાર વાંચ્યું અને પછી મુંઝવણમાં મૂકાયા. કારણ કે ઉશનસ એ સોનેટ જગતનું મોટું નામ, વધુમાં પોતાના ગુરૂજી અને તેમને જે કૃતિ મળી હતી એ ઉશનસની સોનેટકારની છબીને હાની પહોંચાડે એવી નબળી લાગી. હવે પોતે ઉશનસને આ વાત કરવી કેમ ? એટલે એમણે શીરિષભાઈનો સંપર્ક કરીને કહ્યું કે તમે કઈક પ્રતિભાવ આપો કે આ કૃતિનું કરવું શું ? શીરિષભાઈ પણ મુંઝવણમાં પડ્યા. અંતે બન્ને સંપાદકશ્રીઓએ નક્કી કર્યું કે ભલે સામે ઉશનસ રહ્યાં પરંતુ આપણે સંપાદકધર્મ નિભાવવો. અને અંતે તેમણે મન કાઠુ કરીને ઉશનસને પત્ર લખીને અસ્વીકૃતિ દર્શાવી. સ્વાભાવિક પણે ઉશનસ નારાજ થાય, અને તેમને હક્ક પણ છે નારાજ થવાનો કારણ કે તેઓ ઉશનસ છે !

થોડા મહીનાઓ બાદ જયદેવભાઈ વલસાડ ગયા હતાં અને ઉશનસને મળવા ગયાં. ઔપચારિક વાતો પત્યા બાદ જયદેવભાઈએ ઉશનસને કહ્યું કે નવા સોનેટ સંભળાવો. ઉશનસે બે ચાર નવા સોનેટ સંભળાવ્યાં. જયદેવ ભાઈએ એ સોનેટ્સ સાંભળીને ઉશનસને વિનંતી કરી કે 'ગુરૂજી આ સોનેટ અમને સમીપે માટે આપો.' ત્યારે ઉશનસે સહેજ અચકાટ સાથે એમને પૂછેલું 'જયદેવ, તમે સમીપેમાં મારા સોનેટ છાપશો?' જયદેવભાઈએ એ વખતે સુંદર જવાબ આપેલો કે 'ગુરૂજી, એ સોનેટ તમારી પ્રતિભાને અનુરૂપ નહોતું એટલે અસ્વીકૃત કરેલું, પણ અમે જે ઉશનસને ચાહીએ છીએ, એમને જે પ્રતિભા તરીકે ઓળખીએ છીએ એ ઉશનસની પ્રતિભાને વધુ ઉજાળે એવા આ સોનેટ છે અને અમે જરૂર છાપીશું.'

પ્રથમ ફકરાના શેવાળની જેમ ઉગી નીકળેલા ચ.બ. (ચડી બેઠેલા) અને બ.બ. (બની બેઠેલા) લેખક, સર્જક, ઓથર્સની આખી આ જમાતને આ વાત પરથી શીખવા જેવુ છે કે પોતે લખેલું સઘળું સાહિત્ય આપોઆપ શ્રેષ્ઠ બની જતું નથી, પરંતુ શ્રેષ્ટતાનો માર્ગ વાંચન અને મંથન અને કલાસાધનાની કઠીન કેડીઓ પરથી પસાર થાય છે. સાહિત્યકારોને અમસ્તા કાઈ થોડા શબ્દસાધકો કહ્યા છે?

**હેન્ડબ્રેક:**

**લેખન એ વર્તમાનથી મો ફેરવવાની વૃત્તિ નથી,**
**પરંતુ જાતને મળવાનો એ મારો મનગમતો માર્ગ છે.**
**- ગુઆડલુપ નેટલ (મેક્સીકન લેખિકા)**

Cell : 9978405967
djtrivedi@yahoo.com